**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૬૧ ટકા

# શહેરીજનોના નવા વર્ષના નવા સંકલ્પો

ગાંધીનગર, તા.૩૧

**આજે વર્ષનો પ્રથમ દિવસ. પાછલા વર્ષને ભૂલી જઈ આવનાર વર્ષમાં આગળ શું કરવું તે માટેના સંકલ્પ શહેરીજનો લઈ રહ્યા છે. આમ તો સંકલ્પ લેવો અને પુરો કરવો એ બાબતમાં અડગ રહેવું એ દરેકના બસની વાત નથી. પરંતુ જો પ્રયત્ન કરાય તો પણ બહુ!! શહેરીજનો નવા વર્ષમાં શહેર સ્વચ્છ રાખવાની સાથે જરૂરિયાત મંદને મદદ કરવાનું, પોતાની તંદુરસ્તી જાળવી રાખવાનો પ્રયત્ન, પોતે જે સંસ્થા સાથે જોડાયેલ છે તે સંસ્થા માટે વફાદાર રહેવાનું, ફેમીલી ટાઈમ વિતાવવા સાથે સાથે પોતાના સાથે સમય વિતાવવા જેવા અનેક સંકલ્પો વિશે વાત કરી રહ્યા છે.**

**કયા હાર મેં, કયા જીત મેં, કિંચિત નહીં ભયભીત મેં, કર્તવ્ય પથ પર જો ભી મીલા, વહ ભી સહી વો ભી સહી, વરદાન નહીં માંગૂંગા, હો કુછ પર હાર નહી માનૂંગા**

**- અટલ બિહારી વાજપાયી**

● મારી હંમેશા એક ઈચ્છા રહી છે કે મારી આસપાસના અન્ડર પ્રિવિલેજડ બાળકો અને મોટાઓ માટે સેવા કાર્ય કરું એટલે આ વર્ષનું મારું રીઝોલ્યુશન એ છે કે હું આ દરેક માટે દર મહિને એક સેવા કાર્ય



કરું તથા તેમના ખાન-પાનની વ્યવસ્થા સાથે તેમને મદદ કરવાના બનતા પ્રયત્નો કરું.

**- હિરલ જાની**

● વર્ષ ૨૦૨૦માં હું હેલ્થ તરફ વધુ ધ્યાન આપીશ.



મારા કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળી એક રૂટિન લાઈફમાંથી કાંઈક અલગ કરવા પ્રયત્ન કરીશ.

**- કર્ણવ દવે**

● પહેલા કરતા સખત અભ્યાસ કરીશ, રમતગમતમાં



વધુ સારું પ્રદર્શન કરીશ તથા પ્રેક્ષકોની સામે બોલવા જેવી નવી બાબતોનો પ્રયાસ કરીશ.

**- વેદાંગ રાય**

● મારું ન્યુ યર રીઝોલ્યુશન છે કે હું મેન્ટલી અને



ઈમોશનલી મેચ્યોર બનવાનો પ્રયત્ન કરીશ અને મારા સ્વાસ્થ્યની કાળજી રાખીશ

**- ધ્રીવા રાય**

● નવા વર્ષમાં હું મારી ઉંમર અને હોદ્દાનો અવરોધરૂપ બનાવ્યા વગર નવીન જાણવા અને શીખવાનું સતત ચાલુ રાખીશ. હંમેશા જરૂરિયાતમંદને મદદરૂપ થઈશ. મારી



આવડતનો ઉપયોગ સદાય દરેકને મદદપરૂપ થવાનો રહેશે. મોબાઈલમાં સમય વ્યતિત કરવા કરતાં વાંચનનો શોખ કેળવીશ. મારી પત્નિને ઘરના તમામ કાર્યોમાં બને તેટલો મદદરુપ થઈશ. કુટુંબ સાથે વધુ સમય વીતાવીશ અને પાડોશીઓ સાથે સુમેળભર્યું વર્તન અપનાવીશ.

**- હરેશ વંકાણી**

● વર્ષ ૨૦૨૦માં ખુશ રહેવું તો છે જ અને હું ઈચ્છું કે



બધા માટે આવનાર વર્ષ સારું રહે. મારું ખાસ રીઝોલ્યુશન છે કે હેલ્થ તરફ વધુ ધ્યાન આપિશ કુટુંબ સાથે સમય વીતાવીશ. પૈસાની બચત કરીશ અને કરિયર પર ફોકસ કરીશ તથા ફોરેન ટ્રીપ પર જઈશ.

**- પંક્તિ દવે**

● હાલનો સમય જોતા મારા ન્યૂ યર રીઝોલ્યુશનમાં બદલાવ આવ્યો છે. હું કોઈને



તેના રંગ રુપ કે જાતને આધારે નક્કી નહીં કરું કે તે વ્યકિત કેવો હશે? તથા સોશિયલ મિડીયામાં આવતા ફેક ન્યુઝથી બચીશ.

**- રીપલ શર્મા**

● હું કોઈપણ રીતે ગીવ-અપ નહીં કરું. કોઈ પણ પ્રકારની પરિસ્થિતિનો સામનો કરવા માટે મારી જાતને પૂરતી મજબૂત બનાવવાનો પ્રયાસ કરીશ. જરૂરિયાતમંદના ભલા માટે કાર્ય કરીશ અને તેમના ચહેરા પર



ખુશી લાવવાનો પ્રયત્ન કરીશ.

**- અમૃતા દવે**

● વર્ષ ૨૦૨૦ના વર્ષમાં મારું જીવન સુખદાયી સમૃધ્ધ



બની રહે તેમ ઈચ્છીશ અને તે માટે આગળ વધીશ આ સાથે ગાંધીનગર શહેરના નાગરિકોને પણ આવનાર વર્ષ માટે શુભેચ્છા પાઠવું છું.

**- કેસરીસિંહ બિહોલા**



● અમે યોગ ગૃપ ગાંધીનગરના તમામ સિનિયર સિટીઝનો ગત વર્ષની જેમ જ ૨૦૨૦માં પણ આવા ગૃપના મિત્રોની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે પ્રયત્ન કરતા રહીશું.

**- સુરેન્દ્રસિંહ વાઘેલા**

● નવા વર્ષમાં હું ખુશ



રહી જીવવા માંગુ છું. પાછળના સમયનું વિચારવાની જગ્યાએ હાલના સમયમાં હું ખુશીથી જરૂરીયાતમંદને મદદ કરવા માંગું છું.

**- કાજલ ત્રિવેદી**

● હું આવનર નવા વર્ષ માટે સંકલ્પ લઉં છું કે હું જે સંસ્થા સાથે જોડાયેલી છું તેના માટે દીલથી સેવા કાર્ય કરીશ.



સમયનું સંપૂર્ણ પાલન કરીશ.

**- જ્યોતિબેન ઠક્કર**

● આપ સૌને નવા વર્ષની શુભેચ્છા. આવનાર વર્ષ હું સકારાત્મક વિચારધારા અને ઊર્જા સાથે શરુ કરીશ. આવનાર



સમયમાં મારાથી કોઈનું ખોટું ન થાય તેનું ધ્યાન રાખીશ. અધૂરા રહી ગયેલા મારા કામો પુરા કરીશ. સમયને સાચવીને ચાલીશ, યથાશકિત પ્રમાણે જરૂરિયાતમંદને મદદ કરીશ. મારી આજુબાજુ અનાજ/ પાણીનો વ્યય ન થાય તેની કાલજી લઈશ. સ્વચ્છતા રાખીશ અને દરેકને સ્વચ્છતા રાખવા પ્રેરિત કરીશ.

**- ઉત્સવ પરમાર**

● મારા મતે, પોતાના માટે લીધેલાં સંકલ્પ સાથે-સાથે બીજાના માટે સારો સંકલ્પ લેવો એજ સાચો સંકલ્પ કહેવાય.

નવા વર્ષમાં પ.પૂ.સંત શિરોમણી શ્રી જલારામ બાપા જેવું જીવન જીવ્યા હતાં, એવું જીવન જીવવું એ અશક્ય છે પરંતુ તેમનામાંથી અને પ.પૂ.પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી માંથી મેળવેલ અનેક ગુણો



મુજબ હું પરિવારજનો, સગા-સંબંધીઓ, જાણ્યા-અજાણ્યા લોકો અને ગરીબ લોકો તે સારા હોય કે ખરાબ તેમની સાથે હું જેમ સારું વર્તન કરતો આવ્યો છું તેવી જ રીતે હંમેશા કરતો રહીશ અને મારાથી બનતી નાની-મોટી મદદ કરતો રહીશ. સાથે-સાથે મારાથી જે કાંઈ ભૂલથી ખોટું કાર્ય થાય તે બીજી વાર ના થાય તેનું પૂરતું ધ્યાન રાખીશ.અને ખાસ મને પ્રિય એવું કાર્ય કે પશુ-પક્ષીઓને ઈજા થઈ હોય ત્યારે અને સાજા-વ્હાલાં હોય ત્યારે તેમને હંમેશા માટે મદદરૂપ બનું છું તેવી જ રીતે હંમેશા બનતો રહીશ.

**- કુશ ઉદેચા**

● હું ૨૦૨૦ને હર્ષોલ્લાસથી વધાવું છું. હું નવા વર્ષમાં ગયા વર્ષ કરતા સારા



કાર્યો કરીને સારી નાગરિક બનવાનો પ્રયત્ન કરીશ. મારા અભ્યાસમાં થોડી વધુ મહેનત કરીને સારી વિદ્યાર્થીની બનીને મારા માતા પિતાને ગર્વનો અનુભવ કરાવીશ.

**- જીયા ગજ્જર**

● ગમે તેવા સંજોગોમાં



હું હંમેશા ખુશ અને પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરીશ. સુખ અને દુખ કાયમ ટકતા નથી આ વાતને યાદ રાખીને આગળ વધીશ.

**- નરેન્દ્ર વ્યાસ**

● નવા વર્ષમાં હું મારા સ્વાસ્થય પ્રત્યે પુરતું ધ્યાન



આપીશ. વડીલો તથા મારા પિતાનો હંમેશા આદર કરીશ. જેમ બને તેમ જરૂરિયાતમંદને મદદરૂપ થઈશ.

**- સંકેત પોપટ**

● સંકલ્પનો વિકલ્પ કયારેય તો હોય, જીંદગી જીવવા મસ્તી તો હોય, લીધેલા સંકલ્પ જો થાય ના પુરા તો શું કામના. દ્દઢ વિશ્વાસને નિર્ણયથી કરીએ જીવન સુમધુર. નવા વર્ષને હું માતા



પિતાના આશીર્વાદથી શરુ કરીશ. બધી જ ફરજો હસ્તા હસ્તા નિભાવીશ. મારી સાથે જોડાયેલ તમામને ખુશ રાખવાનો પ્રયત્ન કરીશ. હું સ્રી બહેન, દીકરી સાથે મુંગા પશુ-પંખીઓની રક્ષા કરીશ.

**- પ્રદિપસિંહ સોલંકી**

● નવા વર્ષમાં હું જેમ માતા પિતા અને વડિલોનો



આદર કરતો આવ્યો છું તેમ આગળ પણ કરતો રહીશ. તમામ મિત્રને જરૂર પડયે મદદરૂપ બનતો રહીશ. મારામાં સદગુણો કેળવાય તેવા કાર્યો કરીશ.

**- અક્ષ પારેખ**

● આવનાર વર્ષમાં હું વધુ સ્વસ્થ બનીશ. ઈચ્છીશ કે દરેક



વસ્તુમાં બને તેટલું બેસ્ટ કરું. ડાન્સમાં આગળ વધી નવા સ્ટેપ શીખું અને મારા માતા પિતાને પ્રાઉડ ફીલ કરાવું.

**- ખુશી સોનારા**

● આ નવા વર્ષમાં હું નવી



પ્રવૃત્તિ કરીશ. મારા માતા પિતાને ગર્વ અનુભવાય તેવા કાર્યો કરીશ. ગરીબ બાળકોને બને તેટલું મદદરૂપ થવાનો પ્રયત્ન કરીશ.

**- ખુશી ભેડા**

● હું જયારે રખડતા



કૂતરા જોવું ત્યારે મને દુખનો અનુભવ થાય છે. હું તેમને બનતી મદદ કરવાનો પ્રયત્ન કીરશ. તેમના માટે ઘર પણ બનાવીશ. જેથી તેઓ સેઈફલી દરેક પ્રકારના વાતાવરણમાં સરવાઈવ કરી શકે.

**- રૂતુ પુજારા**

● જરૂરિયાત મંદને મદદ કરીશ તથા ખુશ રહેવાનો પ્રયત્ન



કરીશ.

**- અવની રાવલ**

● હું પાણીનો વ્યય નહીં કરું કે પ્રદૂષિત નહીં કરું. કચરો



ગમે ત્યાં નહીં નાખુ તથા સ્વચ્છતા જાળવીશ.

**- પાયલ સોની**

● આવનારા વર્ષની દરેક પળોને બને ત્યાં સુધી ઉત્સાહ સાથે જીવીશ. નવી નવી પ્રવૃત્તિઓ શીખી તેમાં આગળ વધીશ. ભૂલોમાંથી શીખવાનો પ્રયત્ન કરીશ અને બને ત્યાં સુધી



જરૂરિયાતમંદને મદદ કરીને તેમને ખુશ રાખવાનો પ્રયત્ન કરીશ.

**- હર્ષિલ ઠક્કર**

## મુવી હાઉસ

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૨૧**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૪૫, ૨.૩૦, ૪.૧૫, ૪.૪૫, ૫.૩૦, ૬.૧૫, ૭.૪૫, ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦, ૧૦.૪૫
**દબંગ-૩**
૧૦.૦૫, ૧.૧૫, ૪.૨૫, ૭.૪૦, ૯.૫૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૨.૨૫, ૧૦.૪૫
**મર્દાની-૨**
૧૨.૧૦, ૭.૩૫
**પતિ પત્નિ ઔર વો**
૯.૩૦, ૫.૦૦

**આર વર્લ્ડ, આઈનોક્સ, સે-૧૬**

**ગુડ ન્યુઝ**
૮.૫૫, ૯.૫૫, ૧૦.૪૫, ૧૧.૪૫, ૧૨.૪૫, ૧.૪૫, ૨.૪૫, ૩.૪૫, ૪.૪૫, ૫.૪૫, ૬.૪૫, ૭.૪૫, ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫
**દબંગ-૩**
૯.૩૫, ૧૨.૪૫, ૩.૫૫, ૭.૦૫, ૧૦.૧૫
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૦.૦૦, ૭.૪૦
**પતિ પત્નિ ઔર વો**
૧૦.૧૫
**મર્દાની - ૨**
૧૨.૩૫, ૫.૨૫

**સિટી પલ્સ, કુડાસણ**

**ગુડ ન્યુઝ**
૧૨.૩૦, ૨.૦૦, ૩.૩૦, ૫.૦૦, ૬.૩૦, ૮.૦૦
**ચાલ જીવી લઈએ (ગુજરાતી)**
૧૨.૩૦
**દબંગ-૩**
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૩૦
**મર્દાની-૨**
૩.૧૫, ૭.૪૫
**હેલ્લારો (ગુજરાતી)**
૫.૩૦, ૧૦.૦૦

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

**ગુડ ન્યુઝ**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૪.૦૦, ૫.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૦૦
**દબંગ-૩**
૯.૩૦, ૩.૩૦, ૭.૦૦, ૧૦.૩૦
**જુમાનજી ધ નેક્સ્ટ લેવલ** (૩-ડી હિન્દી)
૧૨.૦૦, ૬.૦૦
**મર્દાની-૨**
૧.૦૦
**પતિ પત્નિ ઔર વો**
૩.૦૦

## જૈફ વયના વડીલથી સ્કૂટર નિયંત્રિત ના થતા મા-દિકરો અકસ્માતનો ભોગ બન્યા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરના સેકટર-૧૪માં રહેતા અલ્પેશભાઈ પરમારના નામના એક વ્યકિત આજે તેમની માતાને લઈ પોતાના ટુવ્હિલર પર સાઈ કોમ્પ્લેક્ષ સામેના વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમના માર્ગમાં અચાનક એક જૈફ વયના વડીલ તેમનું ટુ વ્હિલર લઈને ધસી આવ્યા હતા. જેના કારણે અલ્પેશભાઈ તથા તેમની માતા અકસ્માતનો ભોગ બન્યા હતા જેમને ઘટનાસ્થળે એકત્ર થયેલા નાગરિકો દ્વારા બોલાવાયેલ સે-૧૭ ખાતેની ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ઘ-૨ સર્કલ નજીકની હાઈટેક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવાયા હતા. આ ઘટનામાં નજરે જોનાર નાગરિકોના મત મુજબ પેલા જૈફવયના વડીલ દ્વારા તેમનું વાહન નિયંત્રિત થઈ ના શકતા આ અકસ્માત સર્જાયો હતો. આ સાથે નાગરિકોનું એવું મંતવ્ય હતું કે સરકાર દ્વારા આવા જૈફ વયના વડીલો જેઓ વાહન નિયંત્રિત કરવા સક્ષમ ના હોય તેમને લાયસન્સ આપવા ના જોઈએ અથવા હોય તો રદ કરવા જોઈએ.

## શહેરમાં અત્યાધુનિક મોબાઈલ વાનમાં આકર્ષક પેકિંગ સાથે વ્યાજબી ભાવે 'મધુર શાકભાજી'નું વિતરણ

ગાંધીનગર, તા.૩૧

શિયાળામાં આમ તો શાકબાજીનું ઉત્પાદન વધુ પ્રમાણમાં થાય તેથી તાજા શાકભાજી કિફાયતી ભાવે પ્રાપ્ત થઈ શકે પરંતુ આ વર્ષે ચોમાસાની ઋતુ ખૂબ લંબાઈ જતા તેમજ અન્ય મૌસમી કારણોસર શાકભાજીનું ઉત્પાદન અપેક્ષા મુજબનું થઈ શકયું નથી જેના પગલે તેના ભાવો પણ ઊંચા જોવા મળી રહ્યા છે. આ સ્થિતિ ખાસ કરીને મધ્યમ તથા ગરીબ વર્ગ માટે ચિંતાજનક બની રહેવા પામી છે ત્યારે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે મધુર ડેરી દ્વારા જિલ્લાના ખેડૂતો પાસેથી તાજી શાકભાજી ખરીદી તેને આકર્ષક પેકીંગમાં વ્યાજબી ભાવે વેચાણનો પ્રારંભ કરવામાં આવ્યો છે જેને નાગરિકોમાં પ્રોત્સાહક પ્રતિભાવ સાંપડી રહ્યો છે.

ગાંધીનગરના સબ અર્બન વિકસતા જતા નવા નવા વિસ્તારોમાં મધુર ડેરી દ્વારા 'મધુર શાકભાજી'નું વેચાણ કરવા આયોજન કરવામાં આવ્યું છે. મધુર ડેરી દ્વારા મધુર શાકબાજીના વિતરણ માટે શહેરના જુદા જુદા વિસ્તારોમાં અત્યાધુનિક મોબાઈલ વાન દ્વારા મધુર શાકભાજીનું વિતરણ કરવામાં આવે છે તેમાં મધુર ડેરીના તમામ પાર્લરો, સચિવાલય બસ પીકઅપ સ્ટેન્ડ, સે-૬ વિશાલ સુપર માર્કેટ, કુડાસણ મધુર અમુલ પાર્લર અને મધુર ડેરી મેઈન ગેટનો સમાવેશ થાય છે. આ તમામ સ્થળે ઉભી રહેતી અત્યાધુનિક મોબાઈલ વાનમાંથી મધુર શાકબાજી આકર્ષક પેકિંગમાં વ્યાજબી ભાવે ખરીદવા શહેરીજનોને મધુર ડેરીના સંચાલકો દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

## નવ લાખ શકિત સ્વરૂપ બાલિકા પૂજનનો 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસ'માં સમાવેશ



નવરાત્રી એ ગુજરાતની ઓળખ સમો તહેવાર છે. ગત નવરાત્રીના નવમા નોરતાના પવિત્ર દિવસે ગુજરાતની દરેક આંગણવાડીઓમાં કુલ નવ લાખ જેટલી શકિત સ્વરૂપ બાલિકાઓના ગુજરાત સરકાર દ્વારા પૂજનનો વિરાટ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન આપવામા આવ્યું છે. આ સંદર્ભે ગુજરાત રાજયના આઈસીડીસી વિભાગને મુખ્યમંત્રી વિજય રૂપાણી, મહિલા બાળ કલ્યાણ મંત્રી વિભાવરીબેન દવે, કબિનેટ મંત્રી ગણપત વસાવા તથા વિભાગના સચિવ અશોક શર્માને મુખ્યમંત્રી નિવાસસ્થાને એવોર્ડ એનાયત કરાયો હતો. આ એવોર્ડ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડસના ગુજરાત અધ્યક્ષ અશ્વિન ત્રિવેદી તથા સેક્રેટરી દિવ્ય ત્રિવેદીએ એનાયત કર્યો હતો તેમજ સંસ્થાના અધ્યક્ષ સંતોષ શુકલાએ અભિનંદન પાઠવ્યા હતા.

## આવતીકાલે સુપ્રિમકોર્ટના મુસ્લિમ મહિલા વકીલ સુબુહીખાનનું સીએએ સંદર્ભમાં વકતવ્ય

ગાંધીનગર, તા.૩૧

ભારત સરકાર દ્વારા તાજેતરમાં સંસદમાં પ્રસ્તુત કરવામાં આવેલા નાગરિકતા સંશોધન કાયદાનો દેશભરમાં આનો વિરોધ પ્રદર્શન થઈ રહ્યો છે તો બીજી તરફ આ ખરડાના સમર્થનમાં પણ અનેક અવાજ ઉઠવા પામી રહ્યા છે. હકીકતમાં સિટીઝન એમેન્ડમેન્ટ એકટ સીએએ કોઈ ધર્મ વિરોધી કાયદો નથી અને તેના કારણે રાષ્ટ્રની બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર તરીકેની છબી ખરડાતી નથી તેવું માનતી સંસ્થા ભારતીય વિચાર મંચ દ્વારા ગાંધીનગરમાં આગામી તા. ૨જી જાન્યુઆરી ગુરુવારે સાંજે ૬ કલાકે શહેરના સે-૧૨ ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં એક વિચારવિમર્શ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. 'અરાષ્ટ્રવાદી મત કા ખંડન, નાગરિકતા સંશોધન કાનુન તથા ઔર સત્ય' આ વિષયે આયોજિત કાર્યક્રમમાં દિલ્હી ખાતેની સુપ્રિમ કોર્ટના મુસ્લિમ મહિલા વકીલ, સામાજિક કાર્યકર તથા ચિંતક એવા સુબુહીખાન વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ પદે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રવકતા ભરત પંડયા તેમજ આઈઆઈટીઈ ગાંધીનગરના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ અને સત્સંગ શિક્ષા પરિષદના રામસ્વામી ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમનો હેતુ સીએએ તથા એનઆરસી અંગે જનજાગૃતિ ફેલાવી ગેરસમજો દૂર કરવાનો છે.